જળ-તરંગ

અથવા

વાગતી વિણા



પ્રકા. બુકસેલર-મણીલાલ ભાયશંકર વ્યાસ.
ઠે૦ બેગમપુરા ખ મસીદી, સ્ટેશન રોડ-સુરત.
કીમત બે આના.

જળ-તરંગ

⟶ અથવા ⟵

વાગતી વિણા



(૧) રા' માંડલીક. –રાગ આશાવરી–

હઠ છોડ સખી ચલુ સંગ મેરે, તોહે વૃજમે કા'ન બુલાવત હૈ,
નહીં તુમ બીન વાકો ચયન પરત નહીં, ખાન પાન કછુ ભાવત હૈ.
મોર મુગટ નહીં પહેનત હય, નહીં અંગ સુગંધ લગાવત હૈ,
નહીં ધેનુ ચરાવન જાત સખી, વોહે બંસીનાદ ન ભાવત હૈ
કયુ એસો હીયો તેરો કઠીન ભયો તોહે લાજ શરમ નહીં આવત હૈ.
જાકો જોગીજન ધ્યાન ધરત, બ્રહ્માદિક પાર ન પાવત હૈ,
તોરી પ્રીતમે ભુલ ગયો પ્રભુતા, તકસીર વો માફ કરાવત હૈ.
એક બાત ન જુઠ કહુ સજની, અબ કયા ઈતના તરસાવત હૈ,
પિયા માધોસે બેગે મીલો પ્યારી, વો તો તેરોહી નાજ ઉઠાવત હૈ.

(૨) કેશર કેશરી. —:૦:—

અરે દુનિયામા પ્રેમી કયા, બધે મતલબની યારી છે.–અરે૦
બીચારા કોઇક સાચા પ્રેમી, તેની તો ખુવારી છે–અરે૦

સાખી { પોપટ જેમ પઢતતો, અચરે અચરે રામ,
{ મુરખ જન તેમજ બકે, દમ પ્રેમનુ નામ.

ક્યાં છે સાચો પ્રેમી હા, ક્યાં તે સાચી પ્યારી છે—અરે૦

સાખી { પ્રેમી પ્યારી કરી મરે, પ્યારી કરે મીજાજ,
પ્યારી પિયુ પિયુ કરી મરે, પ્યારા રહીબાજ—અરે૦ }

ગયો સાચાનો વખત હા, દગલબાજીની વારી છે—અરે૦

(૩) મીસ માણુકે. —રાગ કહેરવા—

હુજારો મેરે કાનકા મોતી (૨) કાનકા મોતી, કાનકા મોતી—હુ
એરે મોતી મેરા, કીચ પડા હે, (૨) લે જમુનાજલ ધોતી,
("કેસે ધોવી") લે જમુના જલ ધોતી—હુજારો—(૨)
અગલી બજાર મેરા, મોતી ગુમાયા (૨) પીછલી બજાર ખડી રોતી,
("કાયકુ રોતી") પીછલી બજાર ખડી રોતી—હુજારો—(૨)
એરે મોતી મેરા, લાખ ટકેકા (૨) મેર છતીયન પર સોતી (૨)
હુજારો મેરે—(૨) કાનકા મોતી—(૨) હુજારો મેરે—
"વાહરે વાહ બડા ભારી મોતી લે હો હો હો"

(૪) બુદ્ધદેવ. —રાગ, ગઝલ.—

પડતી હવે સુજને ખબર, દુનિયા જણાયે હર્ષ નહિ,
આ જગતની જંજાળની, ચતુરાઈ ત દીઠી નહિ.
જ્યાં પ્રેમ મારો ઝળહળે, ત્યાં તે દીઠો બદલો ખરો,
સંસારને છોડયા વિના મુક્તિ કરી સુઝી નહીં

હવે તો જો જશ લાગી (૨)

ચોળી વિભૂતિ અંગ, બન્યો શું યોગી (૨)

સમાધી જુઠી દે ત્યાગી (૨)—હવે.

વિલાસી મહેલના વાસી, તને આ શી લગન લાગી (૨)
મધુરા પુષ્પને ત્યાગી, ગ્રહ્યા કાંટા શું હીન ભાગી (૨)—હવે.

મડી આશા ધારીને, મે તારો સગ કીધો લો,
મરૂ સો દઇ ભૂલાવી એ! વિરાગી શુ ગયો ત્યાગી (૨)-હવે

(૫) હૃદયભાણ. —:૦:—

પથી પરદેશી ચિત સોપી, હુ આ ચા લી,
મનને ભાવે તે કરજો પુન્ય શાલી

આખી { તરસ્યાને ટીંગળાવવા, પડદે રાખી પ્રીત,
પુછ્યુ પ્રવીણ પથીએ, કોણ ગામની રીત

શુભ સંદેશો લઈ સચરજો, હું આ ચા લી.

આખી { મહા મહીનાનુ માવઠુ, જગલ મગળ ગીત,
સમય વિનાનુ બોલવુ, ત્રણેની એક રીત

રહેલા મડપ માહી મળજો, હુ આ ચા લી

(૬) હૃદયભાણ. —:૦:—

બોલો મારા પ્રેમી પોપટજી બોલો બોલો, બોલો બોલો, મેના બોલાવે,
ડોલો રગ રશીયાજી ડોલો જરી ડોલો, ડોલો, ડોલો પ્યારી ડોલાવે
મેના તારા વચનની વેણુ વાગી, લાગી લાગી લલીત લેહ લાગી,
મેના વ્હાલી મેના કે, ના કહે, પણ જાગી, જાગી અજબ જોત જાગી
પહેલા પોપટજી પ્યારા સમજી સભારો-વાહ ?

મેના શુ—સતી સીતા વીસારો.

ચતુર સુજાણ સીતા રામ ઉચરાવો બોલો
પોપટજી પાજરૂ સોનાનુ સજાવુ, લાડીલી હુ લાલચુ નથી કે લલચાવુ,
મેને રૂપે શુ ભીડ ભિતરની ભાગી . લાગી
રૂડા સૂડાને રગે રમાડુ, પાખે વાલીને ફળ મીઠા ખવાડું,
ભાવના ભુખ્યા તમે શું ભાવી ભાવના ભુલાવે ?-બોલો

(૭) સરદારબા. —:॰:—

બ ગીવાલા આજોરે મારે દેશ, પ્યારી સામરી સુરત પ્યારો બેસ બ-
આવન આવન કેહ ગયોજી, કર ગયો કોલ અનેક,
ગીણુતા ગીણુતા ઘીન ગઇ, મોરી આગળીઆરી રેખ
સાવરીયા રસીલા સલુણા, પીયાને જીયાયે કરૂં યે નીશાર,
હસતા જોગી પ્રેમકેરે, પ્રેમ હમારો દેશ
શુદ્ધ નહી પાઇ પીયુકી, તબ લીયો આ વેશ

(૮) જલસા સગ્રહ. —રાગ પીલુ, પદ—

કીનીકા કોન સગાથીરે બાબા—કીસીકા
જુઠીરે માયા જગત ભુલાયા, કહેત પુરાણુકી પોથીરે—બા—કી.
દેલત દુનીયા માલ ખજાના, માત પિતા સગ નાહીરે—બા—કી
આપહી આપે અકેલા રીંજાના, હોને મશાનકી માટીરે—બા—કી.

(૯) સુરદાસ ભજન. —રાગ, પદ—

કયુરે નીંદભર સોયા મુસાફીર, કયુરે નીદભર સોયા,
માનુસ દેહ દેવનકો દુલભ, જનમ અકારથ ખોયા—મુ૦
ધનદારા જોબન સુત તેરા, વામે મન તેરા મોહ્યા,
સુરદાસ પ્રભુ ચલેહી પથકો, પીછે નેનુ, ભરભર રોયા—મુ૦

(૧૦) કબીર ભજન. —રાગ કીરતન—

મુખડા કયા દેખો દરપનમે, તેરે દયા ધરમ નહી મનમે—મુ૦
જેશી પુલ રહી પુલવાડી, બાસ રહિત નીજ પુલમેં,
એક દીન એસી હો જાયગી, ખાક ઉડેગી તનમેં—મુ૦
ચુવા ચદન, અબીર અગરજા, શોભે ગોરે તનમે,

ધન જોબન દો ઘડીકા સાથી, છુટ જાવેગા ક્ષણમે–મુ૦
કાડી કૌડી માયા જોડી, સુરત રહે નીજ ધનમે,
દશ દરવાજા બંધ રહે તો, રહે ગઇ સબહી મનમે–મુ૦
વાસનકી એક નાવ લગાઇ, લે ચલે જંગલમે,
ધરમી ધરમી પાર ઉતર ગયે, પાપી ડુબે જલમે,
કહત કબીરા સુનો ભાઈ સાધુ, એ કયા લગ રહે મનમે–મુ૦

(૧૧) મીરાંબાઇ. –ભજન, રાગ–ધનાશ્રી–

રામ રતન ધન પાયો મૈયારે, મૈંકો રામ રતન ધન પાયો–મૈયા
ખરચ્યો ન ખુટે, વાકો ચોર ન લુટે, દિન દિન હોત સવાયો–મૈયા.
નીર ન ડુબે, વાકો અગ્ની ન જારે, ધરણ ભર્યો ન સમાયો–મૈયા
નામકી નાવ ભજનકી બતીયા, ભવસાગરસે તાર્યો–મૈયા
બાઈ મીરા કહે પ્રભુ ગીરધર શરણે, ચરણ કમળ ચીત લાયો–મૈયા

(૧૨) ચાલુ જમાનો. –સમય પ્રભાવ–

અવસરને વશ બસ થઇ રહેવુ, દુખ આવે તે તો સેહવુ
દુખ આવે તે તો સહેવુ, પ્રભુ રૂઠે કોને કહેવુ –અ૦
વેળા વશ સીતારામ થયા વનવાસી,
વેળા વશ દ્રાપદી થઈ સૈરન્ધ્રી દાસી –એથી શિક્ષણ લેવુ –અ૦
વેળા વશ નળ નૃપ, ગયા જુગારે હારી,
ભટકી દમયંતી વનવન હાયબીચારી–છે ભાગ્ય પ્રબળ એવુ –અ૦

(૧૩) બુદ્ધદેવ. —ગઝલ—

દુખીને ડરાવે શાને, મરેલાને મારે શાને,
બળેલાને બાળે શાને, વૈરી વિધિ.

રીઝાવી સતાવે શાને, સતાવી રીઝાવે શાને,
રીઝાવી જીવાડે શાને, દયાના નિધિ
શશિને કલંકો દીધા ગુલાબો મનોહર કીધા,
નિયતા તે આવી શાને, અનિતી કીધી.—દુખી.
ચંદનને કુસુમ ના દીધા, સાગર જળ ખારા કીધા,
અમૃત કહી ઝેર દીધા, જીવન અકારા કીધા,
રમણી હૃદયે આશા, નિરાશા દીધી—દુખી

(૧૪) બુદ્ધદેવ. —ભજન—

કાયા કાચ કુંપો, તુ તો ચેતરે, હિણ ભાગી હંસા,
અવિચળ પદીને તુ પેખરે, હિણ ભાગી હંસા-કાયા•
ઝાંઝવાના નીર સમજ આ, કાચી જીંદગાની તારી,
મમતા મુકી દે ને તુ તારીરે, હિણ ભાગી હંસા-કાયા•
બે દિનના છે ઘરજળ સઘળા, બે દિન અહિં રહેવાનુ છે,
બે દિનના છે સગા સંબંધી, બે દિન સુખ લેવાનુ છે
બે દિનનો છે પંખી મેળો, અંતે ઉડી જવાનુ છે,
લોકો જેને દુનિયા કહે તે, એક મુસાફર ખાનુ છે-કાયા•

(૧૫) મહાશ્વેતા કાદંબરી. —:૦:—

હમારી લાજ તમારે હાથ, ઓ નાથ નિભાવજોરે હમારી
'સદગુણ જ્ઞાન સુબુદ્ધિ આપો, સત ચિત આનંદ ઉરમા સ્થાપો"
અગમ નિગમનો માર્ગ સુગમ બતલાવજોરે હમારી.
ભક્તિ થકી ભવ બંધન તુટે, ડગલે ડગલે આયુષ્ય ખુટે,
શ્રીધર અમ તન મનના તાપ સમાવજોરે હમારી લાજ.

(૧૬) મહાશ્વેતા કાદંબરી. —:૦:—

પતિ વીના પ્રેમદાના મનના, પુરાય કયાથી કોડ,
કહે સખી પુરાય કયાથી કોડ
સરજન હારે સરજી જગમા, નરનારીની જોડ (૨)
પશુ પક્ષી વન વૃક્ષ નિહાળો-સૃષ્ટિ માહે સઘળે જઈ ભાળો,
નાના મોટા જીવ જતુમા, પણ એવી નથી ખોડ-સ૦
પતિ ભજયે પાતક સહુ ટળતા, અખડ સુખડા સેજે મળતા,
પતિ વિના સાહેલી જગમા, હરાય જીતી હોડ-સ૦

(૧૭) દાનવી માયા. —:૦:—

ગાન મધુરા ગાય રતિના રૂપે કામ બજાવે,
સ્નેહસુધારસ સીચનકરતા ઘડીઘડી શરમાવે,સુજનેએ મોહનભાવે
વાત વાતમા રીસ કરીને રોષ દોષ દર્શાવે,
પણ મમતાથી પગે પડુ તો, છાતી શુ લપટાવે—સુજને
કરી કમાણી પૈસા લાવે પેટીમાજ દબાવે,
કુચી કરમા હયો શેઠાણી ! કહી કહી બોલાવે—સુજને
ઘર કુકડો થઇ ઘરમા બેસી આજ્ઞા નિત્ય ઉઠાવે,
ઘરની દેવી કહી સલુણો સેવા સર્વ બજાવે—સુજને
પ્રેમ પુષ્પનો પ્રેમ ભોગી તે પ્રેમ સુધા પીવરાવે,
પ્રેમેથી પરિરભણ આપી પ્રેમ ઝુલે ઝુલાવે—સુજને

(૧૮) ઉમા દેવડી. —:૦:—

છોડો છોડો છબીલા, જાઓ જાઓ હઠીલા,
મારી લુટાશે નવલખ લાજ-છબીલા.

તમે મોટા પુરૂષ મહારાજ, પાણી પહેલા બાધી લ્યોને પાજ–મારી
વાહ વાહ વચન રસીલા, તારા નયન રંગીલા,
ગોરી ગાળે સર્વને ગુમાન–રસીલી પ્યારી ગાળે,
લાગે જેને પ્રીતીનુજ પાન, ગણે નાના મોટા સૌ સમાન–ગોરી

સાખી { કથન કથે જગમા બધાં, વિરલા પાલણહાર,
પ્રીતિ ભગત ભામા સદા, વચન નિભાવનહાર

મુકો મુકો માનુની ગુમાન, શાણા દાસી છુ તારી સુજાણ,
ચાલો આવો ચતુર પ્રીય પ્રાણ–છોડો

(૧૯) ધના ભગત. —ભજન—

સમબાણ વાગ્યા હોય તે જાણે, બોલ્યા મુરખ મનમા ન આણે
ધ્રુવને વાગ્યા પ્રલ્હાદને વાગ્યા, ઠરી ને બેઠા, ઠેકાણે,
ગર્ભવાસમા શુકદેવને વાગ્યા, એવુ વેદ વચન પરમાણે–રામ
મોરધ્વજ રાજાનુ મન હરી લેવા, મ્હારો વા'લો આવ્યા જે ટાણે,
લઈ કરવત મસ્તક પર મેલ્યુ, પત્ની પુત્ર બેઉ તાણે–રામ
મીરાંબાઈ ઉપર કોપ કરીને, મોકલ્યો રાણાજી ઝેર તાણે,
ઝેરના પ્યાલા મ્હારા ગીરધરલાલે, આરોગ્યા અમૃત ઠેકાણે–રામ
નરસીંહ મ્હેતાની હુંડી શીકારી, વ્હાલે ખેપ ભરી ખરે ટાણે,
આગળ સંત અનેક ઓધાર્યા, એવુ ધનાભગત ઉર આણે–રામ

(૨૦) મીરાંબાઇ. –રાગ ભજન–

કાનુડો શુ જાણે મ્હારી પ્રીત, બાઈ અમે બાળ કુવારારે–કા૦
જળરે જુમનાના અમે ભરવા ગયા તારે, કાનુડે આવીને છાંટયા
નીર, ઉડયા છરરરરરરે–કા૦

શેરીએ ને શેરીએ અમે રમતા, ને ભમતારે, કાનુડે આવીને
ખેચ્યા ચીર, ફાટયા ચરરરરરરે–કા૦
વ દ્દરાતે વનમા વ્હાલે, રાશ રમાડયારે, કાનુડે તાણી માર્યા
તીર, વાગ્યા અરરરરરરે–કા૦

(૨૧) ભજનામૃત. –ભજન મીરાંબાઈ–

બલીહારી રસીયા ગીરધારી, સુદર શ્યામ હો તજી અમને
મથુરાના વાસી, આવા ન બનીયેજી
વાસલડી વાગે વ્હાલા, ભણુકાર વાગેને, વૃજ વાટ લાગે ખારી,
સુદર શ્યામ હો તજી અમને, મથુરાના વાસી આવા ન બનીયે હોજી
જમુનાનો કાઠો વા કુલા ખાવાને દોડેને, અકળાવી દે છે મુને ભારી
વૃદાવન કેરી શોભા, તમ વીણુ અમને તો, નવ લાગે હવે સારી
ગોવરધનનોધ્યો વ્હાલા, ટચલી આગળીયેને અમપર ઢોળ્યો ગીરધારી
મીરાબાઇ કહે પ્રભુ ગીરધરના ગુણ, શુદ્ધ પ્રભુ લેજો માહરી,
સુ શ્યામ હો તજી અમને, મથુરાના વાસી આવા ન બનીયેજી

(૨૨) ... ભજન. –રાગ ભજન પદ–

દયા ધરમ નહીં મનમે, મુખડા કયા દેખો દરપનમે,
કાગજકા એક નાવ બનાયા, છોડા સમદર જલમે,
નુગરા બેઠન વાલા ડુબે, સુગરા તરજાય ઉનમે -સુ
મુચ્છ સમારી પાઘડી બાધી, તેલ લગાવત તનમે,
ડુ ગરકા પાની જોબનકા લટકા, ઢલજાયગા છીનમે–સુ
ઔર કાયામા ઘાસ ઉગત હયે, ગૌઆ ચરત હયે બનમે,
કહત કબીરા સુનોભાઈ સાધુ, રહ જાઇ મનકી મનમે–સુ૦

(૨૩) નરસીંહ મહેતો. —:૦:—

હવે મને હરી નામથી, નેહ લાગ્યો (૨)
ભાગી ભીડ ભવનો ભય ભાગ્યો—હવે.
માયા મછીર મારે મનથી મે મુકયાને,ઈન્દ્રીની ઓળખાણ મુકી(૨)
હેમ હીગથી હાર મઢેલા, તે પર ચાલ્યો સુકીરે—હવે.
કોના સુત તાત, કોના માત ભ્રાત, સરવે સ્વાર્થના સગપણ રાખે,
પ્રાણ ગયા પછી, પાસે ન આવે, કાઢો કાઢો મુખથી ભાખેરે-હવે

(૨૪) વીર કુણાલ. —:૦:—

હુતો વીધ વીધ રગ બતાવુ નેન નચાવુ,
ને લલચાવુ મારા કથને વશ કરવા
રીસ કરી જોઉ આડી આખે, ભૂમી ખણતી શરમાતી,
હારે સખી લળી લળી હુ લચકાતી—
મનાવતા પણ હુ મરડાતી, છણકે છટકી જાતી,
કહે માફ કર કાલાવાલા, કન્તા હુ હરખાતી
હારે સખી હસી હસીને ખસી જાતી,
પગે પડે જ્યા પ્રીતમજી, ત્યા પાણી પાણી થાતી –

(૨૫) જગતસિંહ. —:૦:—

જીણા ઝરમર વરસે મેહ, ભીજે મારી ચુદડલી,
એવા નદકુવરસુ નેહ, ભીજે મારી ચુદડલી
ઊંચા અવાશ એ અલબેલાના, નીચે અમારી મેડીરે,
સુતી હતી હુ રગ ભુવનમા, માન કરી મીઠ તેડી—ભીજે.
ડગમગ દાદુર મલમલ મોરલા, ચાતક થયા નમેરીરે,
વીજળીના વેગના ભય ત્યાગી, આવી ઉભી આ શેરી—ભીજે.

૧૧૫૬૯

(૨૬) હસવધ. —ગરબો—

જમુનાને તીરે જાદુવાલે, સખી બસરી બજાવી,
નદલાલે વ્હાલે ચિત ચોરી મને બાવરી બનાવી
ભૂલાવી મારૂ ભાન સાન કહાન ગયો હાહા,
મને મોરલીએ મોહીની ઉપજાવી—જમુના

સાખી { સુદર છબી જોઇ છેલની, ઉપજી અતર પ્રીત,
નટવર ગિરધર સ્યામમા, ચોટયુ મારૂ ચિત

નયન નેહે નચાવ્યા વાલીડે સખી મુખ મલકાવી,
છુપી છુપી કરી સાન, મને લીધીરે લોભાવી
ન ભાવે ખાનપાન નિદન આવે હવે,લગન લલનાએ પ્રેમની દગાવી

સાખી { વીરહ થકી વિધાયલુ, અતર અતી અકળાય,
અળગો રહે અલબેલડો, શુ કરૂ સખી ઉપાય —જમુના

(૨૭) અબજોનાં બધન. —:૦:—

જાના હે જાના, સબકો હે જાના,
સોહન જીસમે પહેચાના, ફિર નહિ આના જાના—ટેક
કાયા ઘડ કચ્ચા ભાઇ, માયા બાદલકી છાઇ,
લડકા લડકી લુગાઇ, સ્વારથકી હે સગાઇ, મત હોના દિલગીર—
માલ અજાના મયના હાથી, ઘોડા ઓર સમયાના,
સબકો છોડ અકેલાહી જાના, આવે પરવાના,
જબ એકહુ ન ચલે બ્હાના, ચલતી નહીં તદબીર—ટેક

(૨૮) સતી દ્રૌપદી. —:૦:—

ધરો કાઈ હિત શિખામણ ધ્યાન, ગર્વથી નથી નાથ કલ્યાણ,
કુસપે રહ્યુ કોણ આરામ, મેળવ્યુ કોણે મહીમાં માન

અભિમાન પર્વત છે મોટો, હેઠળ ઉંડી ખાઇ
ચડયા પડયા તે નર પછડાયા, છારમા ગયા છુદાઇ -ધરો૦
લકા સરખો ગઢ દુર્ઘટ ને સમુદ્ર સરખી ખાઈ,
લક પતિ પણ લક ન લાગ્યો, રણમા ગયો રોળાઇ
હિરણ્યાક્ષને હિરણ્યકશ્યપુ એ જબરજગ બે ભાઇ,
નૃસિહ રૂપે નખે વધેર્યો, માને ગયા મરડાઇ ધરો૦

(૨૯) સરસ્વતીચન્દ્ર. —:૦:—

પ્રિતી કરીશુ તરછોડી પરદેશી હા છોડી પરદેશી,(૨)-પ્રિતી
ડશ દઈ અહો ભ્રમર કુમુદને,હો છોડી પરદેશી હા છોડી(૨)-પ્રિતી
પુષ્પ પખીણી, પ્રેમ પીજરમા, આખર પાખ મરોડી પરદેશી,
હા મરોડી પરદેશી મરોડી પરદેશી પ્રિતી
ત્યાગી કુમુદ વન, ભટકી ઓ ભ્રમરા, આવ્યો અહી શુ ફરી દોડી,
ઉડીજા ઉડીજા, પખી મુસાફર રેન રહી છે, હવે થોડી પરદેશી,
હા થોડી પરદેશી હા થોડી પરદેશી પ્રિતી

(૩૦) લવ-કુશ. -વૈરાગ્ય, ભજન, રાગ-પદ-

જોને જરી જાગી મુરખા, જોને જરી જાગી,
અલ્યા સુતો શુ અભાગી ! જીવ ! જોને જરી જાગી
સગાને સબધી ત્હારા, સુખના છે બેલીરે [૨]
ઠેલી મેલી જાશે દુખમા રડતોજ ત્યાગી-અલ્યા સુતો શુ
કાયાની માયાને ત્હારી, કર તુ વિખુટીરે [૨]
રુટી ફુટી સાધનારો નથી કો વિરાગી—અલ્યા સુતો શુ
મ્હારૂ આ મ્હારૂ છે માની, ગુમાની શુ થાતોરે [૨]
જાતો હરખાતો માતો જાશે હામ ભાગી—અલ્યા સુતો શુ

(૩૧) સતી તોરલ. —ભજન—

એક દીન એવા આવશે, જે રૂદીયામા નઉના સાલેરે,
સગા મીત્રના કારણે વીરા કોઈનુ જોર નવ ચાલેરે
કાઢો કાઢો એને સઉ કરે વીર, જાણે જન્મયા નોતારે,
ઘટનો ઘુઘટ દુર કર્યો ત્યારે રોકયા દશ દરવાજારે
આરે કાયાનો ઘટ ઘેરીઓ ત્યારે, રોકયો દેહનો રાજારે—એક
સોળ વરસની સુદરી તે ઉભી ટગમગ જુવેરે,
આરે કાયામા હવે કાંઈ નથી ત્યારે ઉભી ધ્રુસ્કે રૂવેરે
એની વળામણ શેરીયે માત ઝાપેથી વળશેરે,
સગા સગા તમે શુ કરોરે, સગા વળાવીને વળશેરે,
સગા તે વન કેરા લાકડા તે ભેગા આવી બળશેરે—એક.

(૩૨) સરોજની. —ભજન—

કાળ નહિ છોડેરે, હાલા શાને મથીને મરો,
પાપી ભ્રમણા કાજેરે, ધોળા કાળા શીદને કરો
મન જાણો છો? મે કર્યું કે, પણ્ કરનારો છે કોય,
આદર્યાં અધવચ રહે ને, હરી કરે સો હોય,
મિથ્યા વૈભવ માટેરે, નિર્દય જુલ્મી શીદને ઠરો—કાળ૦
નક્કી સમજો કાળ રાય ત્યમ, રક સર્વને ખાય,
બાધી મુઠીએ આવેલા, સૌ ખાલી હાથે જાય,
કરશો તેવુ ભરશોરે? પરમેશ્વરથી જરી તો ડરો—કાળ૦

(૩૩) બોડાણો ચરિત્ર. —વૈરાગ્ય ભજન—

જુઠું જુઠું જગત ખરૂ જાણય મારે
જુઠી જનની, જુઠી જાયા, જુઠી મોહ ભરેલી માયા,

કાચ કુંપો છે કાયા, મમતા તાણુ મારે
ગગને જામે વાદળ મોટો, પાણીમા પ્રગટે પરપોટો,
મેલ વિશ્વનો ખોટો—સાચો જાણુ મારે
મારૂ મારૂ કરતા મરતા, દ્રવ્ય કાજ પાપે નહી ડરતા,
મેલી ચાલ્યા દામ ખજાનો આણુ મારે
જુઠી જાણો જગતની બાજી, આતશબાજી જાશે ગાજી,
અને સૌને મોવુ છે, સ્મશાન મારે

(૩૪) સતી તોરલ. —ભજન—

જેસલ કરી લે વિચાર માથે જમ કેરો માર,
સ્વપ્ના જેવોરે અસાર, તોળાદે કરે છે પોકાર
આવોને જેસલ ગય આપણુ મળીયે,
ખરા સત હોયે ત્યા જઈ ભળીયેજી
આ ભવ આવીયો અવતાર માથે સદગુરૂ ધાર,
જાવુ ધણીને દરબાર બેડલી ઉતારે ભવપાર—આવોને૦
સોનો એરણમા ઓરાય માથે ઘરણ કેરા ઘાય,
પુટે ફોકટીઆ કહેવાય, સાચાની ખરે ખબર્યુ થાય—આવોને૦
નવલખ કોથળીઓ બધાય, ત્યારે ગાધીડા કહેવાય,
હિરા માણેક હાટે વેચાય, તેના મુલ મોઘેરા થાય—આવોને૦
નિત્ય નિત્ય ઉઠી ન્હાવા જાય કોયલા ઉજળા ન થાય,
બેટો ગુણિકાનો તે તો બાપ કોને કહેવા જાય—આવોને૦
દેખા દેખી કરવા જાય, એ નર અધુરીયા કહેવાય,
હાથમા દીવો લઇને છતી આખે કુવે પડવા જાય—આવોને૦
એવી ચા'ર જુગની વાણી સતિ તોરલ દેવી ગાય—આવોને૦

(૩૫) રાગ સાજ સગ્રહ—હનુમાન સ્તુતિ—
ધન ધન મહાવીર બજરંગ, રાવણ લંક જલાને વાલે
આજ્ઞા રઘુનંદનકી પાય, પહુંચે ગઢ લંકામે આય,
ક્રોધિત હો દી આગ લગાય, રામકે કામ બનાને વાલે—ધન
રાવનકી બાટીકા ઉજારી, મારા અક્ષય કુમાર સુરારી,
ફસ ગયે બ્રહ્મ પાશ એકવારી, લીલા લલિત દીખાનેવાલે—ધન
ચઢી દ્રુમ અશોકપર હર્ષાય, ફિન્હી અટ મુદ્રિકા ગિરાય,
ચગનન ગિરે સિતાકે આન, પિયાકી ખબર સુનાનેવાલે—ધન
શકિત મેઘનાદ ને મારી, વ્યાકુલ ભયે લક્ષમન બલધારી,
લાયે સજીવની સુખારી, લક્ષમન પ્રાણ બચાનેવાલે—ધન
માયા રચ અહિરાવન ધાય, જબ હર લે ગયા દોનો ભાય,
રામકો લક્ષમન સહિત છુડાય, જાય પાતાલમે લાનેવાલે—ધન
દુષ્ટોકો મારો તત્કાલ, ભકતોકા કરિયે પ્રતિપાળ,
શરણાગત દ્વિજ મન્નીલાલ, ધન બિભા બલપાનેવાલે—ધન

(૩૬) સતી તોરલ. —ભજન—
પાપ ત્હારૂં પ્રકાશ જાડેજા પાપ ત્હારૂં પ્રકાશરે,
ત્હારી બેડલીને બુડવા નહિ દઉં જાડેજારે—તોરલ કહે છે
હરણ હર્યાં લખચાર તોરલ દે હરણ હર્યાં લખ ચારરે,
કુંઢક વનમા મૃગલા મારીયા, તોળાદેરે એમ જેસલ કહે છે
કર્મ ત્હારા સંભાર જાડેજા ધર્મ ત્હારો સંભારરે—તારી બેડલી.
કુંવારી કુંવારી જાન સતિ નારી, કુંવારી કુંવારી જાનરે,
સાત વીશુ ચોઢબધ મારીયા તોળાદેરે, એમ—જેસલ કહે છે.
ધર્મ ત્હારો સંભાળ જાડેજા ધર્મ ત્હારો સંભાળરે—તારી બેડલી.

તોડી સરોવર પાળ, સતિ નારી તોડી સરોવર પાળરે,
ભાઇ ભાભીને મે મારીયા તોળાદેરે એમ-જેસલ કહે છે
કંઈક પરમાર્થ કર જાડેજા કંઇક પરમાર્થ કરરે-તારી બેડલી
માથાના જેટલા વાળ સતિ નારી માથાના જેટલા વાળરે,
એટલા કુકર્મો મ્હેં કયા તોળાદેરે એમ-જેસલ કહે છે
પાપ ત્હારૂ પ્રકાશ જાડેજા પાપ ત્હારૂ પ્રકાશરે,
વિનવે જેસલરાય સતિને વિનવે જેસલરાય,
મારી બેડલી ઉતારો ભવ પાર, સતિ-મારી

(૩૭) સતી તોરલ. --:૦:—

જીવન દિન ચારનુ ચટકુ નકામો મોહ માયાનો,
ઉડી જાવુ આહા અંતે કરીને ત્યાગ કાયાનો
થતા દરબારનો ડંકા રહે ના ગવ બકાનો,
શુરાનો પણ સમય આવે સમાધિમાં સમાયાનો
અરેરે કયા માયાનો નકામો મોહ સંસારે,
ભુલે જ્ઞાની છતા જ્ઞાને ધારાવી ઢોગ ડાહ્યાનો

સમાપ્ત.

સુરત લીમડાચોકમા આવલા બાઇ ધનકોરના દેશી મત્ર પ્રેસમા
નાથુભાઇ દેવચંદે છાપ્યુ